સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન : (079) 2674 7612-36 ફેક્ષ : (079) 2674 9048
www.spipa.gujarat.gov.in

ક્રમાંક:સીસપ-તાલીમ/૨૦૨૦-૨૧/પ્રવેશ પરીક્ષા ૨૦૨૧/૦૬/સ્ટડી તા.૧૧/૦૫/૨૦૨૧

# અગત્યની સૂચના

## (Advt. No. SPIPA/202122/1)

## પ્રવેશપરીક્ષામાં ઉપસ્થિત થવા સારુ અરજી કરવાની મુદ્દત લંબાવવા અંગે

યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ (IAS, IPS, IFS etc.) ની તૈયારીના પ્રશિક્ષણવર્ગ ૨૦૨૧-૨૨ની પ્રવેશ પરીક્ષા માટે સંસ્થા દ્વારા અગાઉ ઓનલાઇન અરજીઓ તા.૧૪/૦૪/૨૦૨૧ સુધી મંગાવવામાં આવેલ. સંસ્થાને મળેલ વિવિધ રજૂઆતો તેમજ વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇ લેવાયેલ નિર્ણય અનુસાર, બાકી રહી ગયેલ ઉમેદવારોને ઓનલાઇન અરજી કરવા તથા ઓનલાઇન ફી ભરવાની સમયમર્યાદા વધારીને તા.૧૧/૦૫/૨૦૨૧ (બપોરે ૧૪.૦૦ કલાકથી) થી તા.૩૧/૦૫/૨૦૨૧ (સમય રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી) સુધી લંબાવવામાં આવે છે. જે અન્વયે સંબંધિત તમામ ઉમેદવારોએ http://ojas.gujarat.gov.in/ વેબસાઇટ પર ઉક્ત સમયમર્યાદા દરમ્યાન ઓનલાઇન અરજી કન્ફર્મ કર્યા બાદ માત્ર ઓનલાઇન મોડમાં ફી ભરવાની રહેશે, ત્યારબાદ જ તેઓની અરજી કન્ફર્મ ગણાશે અને પ્રવેશ પરીક્ષામાં ઉપસ્થિત રહેવાને લાયક ઠરશે. ઉક્ત સમયમર્યાદા વિતી ગયા બાદ આ અંગેની કોઇપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની સંબંધિત ઉમેદવારોએ અચૂક નોંધ લેવી.

૨. ઉક્ત પ્રવેશપરીક્ષા સંબંધિત માહિતી સારૂ http://www.spipa.gujarat.gov.in/ અને http://ojas.gujarat.gov.in/ વેબસાઇટ પર રાખેલ વિગતવાર જાહેરાત ધ્યાનપૂર્વક વાંચી અરજી કરવાની રહેશે.

૩. અગાઉ અરજી કન્ફર્મ કરીને ફી ભરેલ હોય તેવા ઉમેદવારોએ પુન: અરજી કરવાની રહેતી નથી.

**Sd/-**
સંયુક્ત નિયામક (સ્ટડી)
સ્પીપા, અમદાવાદ